# 'આઈક્રિએટ'થી યુવા સાહસિકોનાં નિર્માણની અપેક્ષા : નારાયણમૂર્તિ

## ■ યુવાનો હવે પોતાના ટૅક્નિકલ આઈડિયાને આઈક્રિએટથી મૂર્તિમંત કરી શકશેઃ મોદી

ગાંધીનગર, તા. ૫

યુવા ઉદ્યોગ સાહસિકો અને યુવા પ્રતિભાઓ માટેના વિશ્વકક્ષાના ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રિનિયોરશીપ એન્ડ ટૅક્નોલોજી (આઈક્રિએટ)નું મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂમિપૂજન કરતાં જણાવ્યું હતું કે, આ સંસ્થા યુવા પ્રતિભાઓને તેમના મૌલિક વિચારો અને સપનાઓને સાકાર કરવા સહાય સમર્પિત રહેશે. મુખ્યમંત્રીએ આઈક્રિએટના ચેરમેનપદે ઈન્ફોસિસના સ્થાપક અધ્યક્ષ આર. નારાયણમૂર્તિની પસંદગી કરી છે અને એમણે આ પ્રસંગે એવી આશા વ્યક્ત કરી હતી કે, આઈક્રિએટથી પ્રતિભાસંપન્ન યુવા સાહસિકોનું નિર્માણ થાય અને ભારતને વિશ્વ આર્થિક મહાસત્તા બનવામાં સહયોગ આપશે.

બાવળા પાસે ૩૫ એકર જમીનમાં આકાર લેનાર આઈક્રિએટમાં યુવા પ્રતિભાઓ પોતાના આઈડિયાને મૂર્તિમંત કરવા માટેની તમામ તાલીમથી લઈને જરૂરી તમામ તકનિકી સહાય, બૌધિક જ્ઞાન પ્રાપ્ત કરી શકશે. ગુજરાતનો આ પ્રોજેક્ટ ભવિષ્યની માનવ સંસાધન શક્તિને નવો સ્પાર્ક આપશે. નવી ઊર્જા આપશે,' તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. આઈક્રિએટનો જન્મ યુવાનોના પ્રેરણામૂર્તિ સ્વામી વિવેકાનંદજીની દોઢસોમી જન્મજયંતિના અવસરે થયો છે અને ૧૧ સપ્ટેમ્બરે વિવેકાનંદે અમેરિકાની ધરતી ઉપર એક યુવા સન્યાસી તરીકે આધ્યાત્મિક દિગ્વીજય કર્યો હતો તે જ દિવસે ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ વિધિવત આઈક્રિએટની રચના થઈ હતી.

મુખ્ય અતિથિવિશેષ પદેથી આર.નારાયણમૂર્તિએ જણાવ્યું હતું કે, આપણે એવા તબક્કે આવીને ઊભા છીએ જ્યાં અગાઉ ક્યારેય ભારત વિશ્વની સત્તા બનશે એવું કોઈએ વિચાર્યું જ ન હતું. આજે દુનિયા આ શક્તિનો સ્વીકાર કરતી થઈ છે. બીજી બાજુ ભારતમાં વિકાસની તાકાત સાથે ગરીબી, બેકારી, કુપોષણ, પાયાની જરૂરિયાતો અને સુવિધાઓનો અભાવ જેવી સમસ્યાઓનો પડકાર પણ આપણા સામે છે. ગુજરાતે તો ગામેગામ ૨૪ કલાક વીજળી આપીને પડકારો સામેની શક્તિનો સાક્ષાત્કાર કરાવ્યો છે. હવે યુવાનોની પ્રતિભાને મૂર્તિમંત કરવામાં આઈક્રિએટ મારફતે ગુજરાતે પહેલ કરી છે જે યુવા ઉદ્યોગ સાહસિકોની સાફલ્ય વાર્તાનું ન નિર્માણ કરશે તો આપણો પુરુષાર્થ સાર્થક નિવડશે. આ પ્રસંગે ઉદ્યોગ રાજ્યમંત્રી સૌરભ પટેલ, આઈક્રિએટના ડિરેક્ટર પ્રો.એન.વી. વસાણીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું.